અંદાજપત્ર પ્રથમ નજરે...

૨૦૧૭ના નાણાંકીય ધારાના મહત્વના સુધારા

કુલ કરપાત્ર આવક પર આવકવેરાની ગણતરી માટેના દર

પ્રથમ ૨.૫૦ લાખ સુધી - શૂન્ય

રૂ. ૨.૫૦ લાખથી ૫ લાખ સુધી - ૫ ટકા

રૂ. ૫ લાખથી ૧૦ લાખ સુધી - ૨૦ ટકા

રૂ. ૧૦ લાખથી વધુ ૫૦ લાખ સુધી - ૩૦ ટકા

- ૫૦ લાખથી વધુ અને ૧ કરોડથી ઓછી આવક ધરાવતા કરદાતાઓને ૧૦ ટકા સરચાર્જ
- ૧ કરોડથી વધુ આવક ધરાવતા કરદાતાઓને ૧૫ ટકા સરચાર્જ
- હવે મૂડી મિલ્કત સંપાદન કર્યા પછી ૨૪ માસ (બે વર્ષ) બાદ તેનું હસ્તાંતર કરવામાં આવે તો તેને લાંબા ગાળાની મૂડી મિલ્કત કહેવાશે. એટલે કે લોંગ ટર્મ કેપીટલ ગેઈન ૩ વર્ષને બદલે બે વર્ષ ગણવામાં આવશે.
- મૂડી નફા (કેપીટલ ગેઈન)ની ગણતરી કરવા માટે એન્ડેક્ષ કોસ્ટ ૧-૪-૮૧ને બદલે ૧-૪-૨૦૦૦થી ગણવાની રહેશે. નવી ઈન્ડેક્ષ કોસ્ટ બહાર પડશે.
- રોકડ વ્યવહાર (કેશ ટ્રાન્ઝેક્શન) ૧૦,૦૦૦થી વધુ નહી કરી શકાય.
- ડોનેશન ૨૦૦૦થી વધુ રોકડમાં નહી કરી શકાય.
- રાજનૈતિક ફંડમાં પણ ૨૦૦૦થી વધુ રોકડ નહીં આપી શકાય. પાર્ટી ફંડ માટે બોન્ડ ખરીદી કરી શકાશે.
- નાની કંપનીઓને કોર્પોરેટ ટેક્ષ ૫ ટકા ઘટાડ્યો.
- રૂ. ૩ લાખથી વધુ રકમની રોકડ ખરીદી નહીં કરી શકાય.
- કૃષિ અને ગ્રામિણ ક્ષેત્રે પ્રાથમિકતા.
- કંપનીમાં ૫૦ કરોડથી ઓછુ ટર્નઓવર હોય તો આવકવેરો ૩૦ ટકાને બદલે ૨૫ ટકા.
- ભાડાની આવક પરનો ટીડીએસ, ૫૦,૦૦૦થી વધુ ભાડાની આવક થાય તો લાગશે.
- દેશમાં ૫૦૦૦ નવી મેડીકલ સીટો વધશે.
- પાક વિમા યોજના માટે ૯૦૦૦ કરોડ ફાળવાયા.
- સિંચાઈ ફંડ માટે ૫૦૦૦ કરોડ ફાળવાયા.
- ટેક્ષ નહીં ભરનારા નાગરીકો પર કડક વલણ.
- કાળા ધન (બ્લેક મની)ની આવક ધરાવનારા પ્રત્યે કડક વલણ.
- રેલ સુરક્ષિત કરવા માટે ૧ હજાર કરોડ ફાળવાયા.
- કલમ ૪૪ એડી અન્વયે વેપારીઓ ડીજીટલ ધંધો કર્યો હોય તો ૮ ટકાને બદલે ૬ ટકા આવક ગણવામાં આવશે.
- ૬૦૦ જિલ્લામાં કૌશલ્ય કલા કેન્દ્ર બનાવાશે.
- ઈ રેલવે ટીકીટ બુકીંગ પર ટેક્ષ નાબુદ. જેથી ઈ બુકીંગ સસ્તુ થશે.
- રેલવેમાં સુરક્ષા-સફાઈ પર ફોક્સ કરાશે.
- ટ્રાન્સપોર્ટ સેક્ટર માટે ૨.૪૧ કરોડ ફાળવાશે.
- નેશનલ હાઈવે માટે ૮૪ હજાર કરોડ ફાળવાશે.
- રેલવે સ્ટેશનો દીવ્યાંગો માટે સરલ બનાવાશે.
- દવાઓમાં ભાવ ઘટાડવા યોજનાઓ બનાવાશે.
- સારૂ શિક્ષણ આપનારી શાળાઓને સહાય અપાશે.
- ૬૦૦થી વધુ જિલ્લાઓમાં પ્રશિક્ષણ કેન્દ્ર બનાવાશે.
- યુવાનો માટે સંકલ્પ અભિયાન બનાવાશે.
- ૩.૫ કરોડ યુવાનોને પ્રશિક્ષણ અપાશે.
- રીઝર્વ બેંકના એક્ટમાં સુધારો કરાશે.
- લોન લઈને ભાગેડુની મિલ્કત જપ્ત કરાશે. આર્થિક અપરાધીઓ પર સરકાર કડક વલણ લેશે.
- બિલ્ડઅપ એરીયા જ કારપેટ એરીયા ગણાશે.
- આરઓ પ્લાન્ટ સસ્તા બનશે.
- એલઈડી મોંઘી બનશે.
- પોસ્ટ ઓફીસ દ્વારા ડીજીટલ યોજનાઓ લાગુ થશે.
- મોંઘવારી દર ૨ ટકાથી ૬ ટકાની વચ્ચે રહેશે.
- એલટીસીમાં વરીષ્ઠ નાગરીકોને ૮ ટકા રીટર્ન.
- જીએસટીથી દેશને ગતિ મળશે.

- સંકલન : હરેશ ત્રિવેદી

બજેટમાં આરો, લેધરની વસ્તુ વધુ સસ્તી થશે

નવી દિલ્હી,તા. ૧ નાણામંત્રી અરુણ જેટલીએ આજે વર્ષ ૨૦૧૭-૧૮નું બજેટ સંસદમાં રજૂ કરી દીધુ હતી. ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત આવું બન્યુ છે જ્યારે સામાન્ય બજેટ અને રેલવે બજેટ એક સાથે રજૂ કરવામાં આવ્યું છે. આ વખતે પણ બજેટમાં કેટલીક ચીજો મોંઘી બનાવી દેવામાં આવી છે. જો કે કેટલીક ચીજો સસ્તી થઈ છે. આરો, પીઓએસ, પાર્સલ, લેધરની ચીજવસ્તુઓ, સોલાર પેનલ, કુદરતી ગેસ, નિકોલ, બાયોગેસ, નાઈલોન, રેલવે ટિકિટ, આવાસ જેવી સુવિધા સસ્તી બની શકે છે. નાની કંપનીઓને ટેક્સમાં રાહત આપવામાં આવી છે. ૫૦ કરોડ સુધી વાર્ષિક ટર્નઓવર વાળી કંપનીઓને ૨૫ ટકા ટેક્સ રહેશે. ટેક્સમાં છુટછાટ પણ સંબંધિત ચીજવસ્તુઓ સસ્તી થશે. બજેટ બાદ જે ચીજો મોંઘી બની રહી છે તેમાં મોબાઈલ ફોન, પાન મસાલા, સિગારેટ, એલઈડી બલ્બ, ચાંદીની ચીજવસ્તુ, તમાકૂ, હાર્ડવેર, સિલ્વર ફોયલ, સ્ટિલની ચીજવસ્તુઓ, ડ્રાયફ્રુટ, ચાંદીના દાગીના, સ્માર્ટફોન, પાનમસાલા પર ચાર્જ વધારીને ૯ ટકા કરી દેવામાં આવ્યો છે જ્યારે તમાકૂ પર ચાર્જ ૪.૨ ટકાથી વધારીને ૮.૩ ટકા કરાયો છે. તમાકૂ, ગુટખા, પાનમસાલા પર ચાર્જ ૧૦ ટકાથી વધારીને ૧૨ ટકા કરવામાં આવ્યો છે. મોબાઈલ ફોન નિર્માણમાં કામ આવનાર પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ પર ચાર્જ શૂન્યથી વધારીને બે ટકા કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આનો સીધો ફાયદો થઈ શકે છે. એલઈડી બલ્બ નિર્માણમાં ઉપયોગ આવનાર સ્પેરપાર્ટ્સ પર પાંચ ટકાના દરથી ચાર્જ લાગૂ કરવામાં આવ્યો છે. તમામ ક્ષેત્રોમાં જુદા જુદા પગલા જાહેર કરવામાં આવ્યા છે જેના લીધે બજેટને કેટલાક લોકો અસામાન્ય લઈને વાત કરી રહ્યા છે. એલ્યુમિનિયમ સાથે સંબંધિત ચીજવસ્તુઓ વધુ મોંઘી થશે. ચાંદીના સિક્કા પણ મોંઘા થશે.

સસ્તી, મોંઘી ચીજો

બજેટ રજૂ કરતી વેળા કેન્દ્રીયમંત્રી અરુણ જેટલીએ જુદા જુદા ક્ષેત્રો માટે જંગી ફાળવણીની જાહેરાત કરી હતી. બજેટમાં કેટલીક ચીજો મોંઘી અને કેટલીક ચીજો સસ્તી થઈ છે. જે નીચે મુજબ છે.

કઈ ચીજો મોંઘી

- મોબાઈલ ફોન
- પાન મસાલા
- સિગારેટ
- એલઈડી બલ્બ
- ચાંદીની ચીજવસ્તુ
- તમાકૂ
- હાર્ડવેર
- સિલ્વર ફોયલ
- સ્ટીલની ચીજવસ્તુ
- ડ્રાયફ્રુટ્સ
- ચાંદીના દાગીના
- સ્માર્ટ ફોન

કઈ ચીજો સસ્તી

- આરો
- પીઓએસ
- પાર્સલ
- લેધરની ચીજવસ્તુ
- સોલાર પેનલ
- કુદરતી ગેસ
- બાયોગેસ
- નાયલોન
- રેલવે ટિકિટ
- એલએનજી
- સોલાર પેનલમાં ઉપયોગ થતાં સોલાર ટેમ્પર્ડ ગ્લાસ
- વિન્ડ ઓપરેટેડ એનર્જી જનરેટર
- ડિફેન્સ સર્વિસ માટે ગ્રુપ ઈન્સ્યોરન્સ

કેન્દ્રીય બજેટમાં આંકડાકીય માયાજાળ દેખાય છે : કોંગ્રેસ

અમદાવાદ, તા.૧ ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજરોજ કેન્દ્ર સરકારના બજેટ પરની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતુ કે, ગુજરાત સરકારના અત્યાર સુધીમાં રજુ થયેલાં બજેટોમાં જે આંકડાકીય માયાજાળ રજુ કરવામાં આવતી હતી તેવી આંકડાકીય માયાજાળ ભારત સરકારના ત્રીજા બજેટમાં પણ ડોકીયા કરે છે. હકીકતમાં તાજેતરમાં કરેલી નોટબંધીની નિષ્ફળતા પછી બજેટના માધ્યમથી પ્રજાને વધુ રાહતો મળશે એવી જ અપેક્ષાઓ હતી એમાં બજેટ ઉણુ ઉતર્યુ છે. જે ધ્યેય અને હેતુ સાથે નોટબંધી કરેલી એમાં નિષ્ફળ નિવડેલી ભાજપની ભારત સરકારે નોટબંધીથી હેરાન થતી પ્રજાને રાહતો આપવા માટેનો જે ઉલ્લેખ બજેટમાં હોવો જોઈએ તે જોવા મળતો નથી. નોટબંધીને આજે ૮૪ દિવસ જેટલો લાંબો સમય પસાર થયો હોવા છતાં પણ પ્રજાને પોતાની હકકના બેન્કોમાં મુકેલા નાણા ઉપાડવામાં ભારત સરકાર અનુમતી નહીં આપીને એમાં પણ સરકાર નિષ્ફળ નીવડી છે. વધુમાં ૩ લાખ ઉપરની રોકડ લેવડ દેવડ ઉપર પ્રતિબંધથી ગ્રામ્ય પ્રજાને અને ખાસ કરીને જ્યાં બેન્કની સુવિધા ઉપલબ્ધ નથી તેવા વિસ્તારની પ્રજાનો હાડમારીમાં વધારો થશે. વિદેશી બેન્કોમાંથી કાળા નાણા પરત લાંવી દરેક નાગરિકના ખાતામાં ૧૫ લાખ જમા કરાવવાની વાહીયાત વાતો માટે પણ કાળા નાણુ વિદેશમાંથી પરત લાવવાનો કોઈ પ્રયત્ન કર્યો હોય તેવું જણાતુ નથી. બે કરોડ બેકારોને રોજગારી આપીશુ એવી વાહીયાત વાતો કરનાર ભાજપ સરકારે પાંચ પચ્ચીસ લાખ બેકારોને પણ નોકરી આપી શકી નથી. ઉલ્ટાનું નોટબંધીના કરીને વધુ ૨ કરોડ લોકોને બેકારીના ખપ્પરમાં હોમી દીધા છે. આમ વર્ષો વર્ષ બેકારીમાં થતા વધારામાં કેન્દ્ર સરકારે વધુ ઉમેર્યુ કર્યો છે. આ ભાજપ સરકાર જીડીપીનો ગ્રોથ ઉંચો બતાવવા અને સાચી આંકડાકીય માહિતી છુપાવવા માટે આધાર વર્ષમાં ફેરફાર કરી સત્ય હકીકત રજુ કરતી નથી. વાઘેલાએ જણાવ્યું છે કે, સામાન્ય અને રેલ્વે બજેટને સંયુક્ત રીતે રજુ કરી જાણે મોટી સિધ્ધી હાંસલ કરી હોય તેમ બતાવવા માંગતી કેન્દ્ર સરકારે રેલ્વેમાં કોઈ વિશેષ સુવિધા કે ભાવ ઘટાડાની જાહેરાત કરી નથી. રેલ્વેમાં થતાં અકસ્માતોથી મુસાફરોની સલામતી બક્ષવા બાબતમાં કોઈ ઉપાયો બતાવ્યા નથી. વેસ્ટર્ન રેલ્વેનું વડુ મથક અમદાવાદ ખાતે રાખવાની વર્ષોની માંગણીનો પણ આ બજેટમાં કોઈ ઉલ્લેખ નથી. કર માળખાકીયની જાહેરાતમાં પણ પ્રજાની અપેક્ષા મુજબની કોઈ જાહેરાત થયેલ નથી. ૫ લાખ સુધીની કરમુકિત કરવાના બદલે ૫ લાખ સુધીની આવક ધરાવતા કરદાતા માટે માત્ર ૫ ટકાની રાહત જાહેર કરવામાં આવેલ છે જેનાથી મહત્તમ ૧૦ હજારથી વધુ રાહત થવાની નથી. આમ ગુજરાત પેટર્ન મુજબ એકંદરે આ બજેટ ચીલાચાલુ, ગરીબ અને મધ્યમ વર્ગને કોઈ રાહત ન આપનારુ ફુગાવો વધારનારુ અને નાણાકીય ખાદ્યમાં વધારો કરનારુ બની રહેશે એમાં બે મત નથી.

સરદાર સરોવર નર્મદા નિગમ ખાતે નિવૃત્તિ વિદાય સમારોહ યોજાયો

નર્મદા નિગમ મુખ્ય કચેરી ખાતે ફરજ બજાવતા બે કર્મચારીશ્રીઓ શ્રી એન.ડી. ચહાણ તથા શ્રી વિ. શોભનકુમાર તા. ૩૧-૧-૨૦૧૭ના રોજ વય નિવૃત્ત થયેલ હોઈ તેઓ માટે વિદાય કાર્યક્રમ રાખેલ જેમાં નિગમના શ્રી એચ.કે. પટેલ તેમજ શ્રીમતી ડી.એમ. પઠાણના અધ્યક્ષપણા હેઠળ મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મોટી સંખ્યામાં અધિકારી, કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સર્વેએ બંને કર્મચારીશ્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમને જી.સી. દરજી, કિરીટ બાકરેચિયા, કમલેશ બારોટ, મંથન ભટ્ટ, વસંત પાટીલ, હર્ષ સોની તથા મંડળના કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

અંદાજપત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આવાસ માટે કેપિટલ ગેઈન ટેક્સની મર્યાદા ઘટાડી દેવામાં આવી છે. કેપિટલ ટેક્સ મર્યાદા ત્રણ વર્ષથી ઘટાડીને બે વર્ષ કરવામાં આવી છે. નાની કંપનીઓ માટે ટેક્સ ૨૫ ટકા કરાયો છે. ૫૦ કરોડના ટર્નઓવર વાળી કંપનીઓ માટે પણ મહત્વના નિર્ણય કરાયા છે. નાની કંપનીઓને ટેક્સમાં રાહત આપીને ૨૫ ટકા ટેક્સ કરી દેવામાં આવ્યો છે. ટેક્સ મર્યાદા ત્રણ વર્ષથી ઘટાડીને બે વર્ષ કરી દેવામાં આવી છે. જમીન અધિગ્રહણ પર મળનાર વળતર પર કોઈ ટેક્સ લાગૂ કરવામાં આવશે નહીં. નોટબંધીના પરિણામ સ્વરુપે પર્સનલ ઈન્કમટેક્સમાં ૩૪.૮ ટકાનો વધારો થયો છે. મેટને હાલ ખતમ નહીં કરવાનો નિર્ણય કરાયો છે. આને ૧૫ વર્ષ સુધી જારી રાખવાનો નિર્ણય કરાયો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં કુલ ૨૧૪૭૦૦૦ કરોડ રૂપિયાનું ખર્ચ બજેટ છે. મૂડી ખર્ચ સહિત કુલ ફાળવણી સંરક્ષણ બજેટ ૨૭૪૧૧૪ કરોડ કરવામાં આવી છે. આમા પેન્શનની રકમ સામેલ કરાઈ નથી. ૧૨૫ લાખ લોકો ભીમ એપ સ્વિકારી ચુક્યા છે. આને પ્રોત્સાહન આપવા માટે બે નવી સ્કીમ લવાશે.

હાઈવે માટે ૬૪૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. ભારત નેટ યોજના માટે ૧૦ હજાર કરોડની જોગવાઈ કરાઈ છે. ભાગેડુ જાહેર થયેલા અપરાધીઓ માટે સંપત્તિ જપ્ત કરવાના કાયદામાં ફેરફાર કરાશે. ગ્રામીણ અને સંબંધિત ક્ષેત્રો માટે ૧૮૭૨૨૩ કરોડની જોગવાઈ કરાઈ છે. દિનદયાળ ગ્રામ જ્યોતિ યોજના માટે ૨૦૧૭-૧૮માં ૨૮૧૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે. નાબાર્ડ માટે ૨૦૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. વરિષ્ઠ નાગરિકો માટે એલઆઈસીની નવી પેન્શન યોજના લવાશે. એસસી સમુદાય માટે ૫૨૦૦૦ કરોડ રૂપિયાનો વધારો કરાયો છે. લઘુમતિઓ માટે ૪૦૦૦ કરોડથી વધારાની જોગવાઈ કરાઈ છે. ૪૦૦૦ કરોડની સંકલ્પ યોજના તૈયાર કરાઈ છે.

સસ્તા થસે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે નવા પ્રાણ ફૂંકાશે. સસ્તા આવાસ લોકોને ઉપલબ્ધ થશે. જેટલીએ કહ્યું હતું કે, ૩૦ અને ૬૦ વર્ગ મીટર નિર્મિત ક્ષેત્રના બદલે ૩૦ અને ૬૦ વર્ગ મિટર કાર્પેટ ક્ષેત્રની ગણતરી કરવામાં આવશે. ૩૦ વર્ગ મીટરની મર્યાદા પણ માત્ર ચાર મેટ્રો શહેરોની નગરપાલિકા હદના મામલામાં લાગૂ થશે જ્યારે મેટ્રોમાં બહારના હદમાં આવેલા ક્ષેત્રો સહિત દેશના અન્ય ભાગો માટે ૬૦ વર્ગ મિટરની મર્યાદા લાગૂ થશે. જેટલીએ કહ્યું હતું કે, આ યોજના હેઠળ ગણતરી કરવામાં આવ્યા બાદ ભવન નિર્માણને પૂર્ણ કરવાની અવધિને વર્તમાન ત્રણ વર્ષથી વધારીને ૫ વર્ષ કરવાની જોગવાઈ છે. જે બિલ્ડરો માટે નિર્મિત મકાન કારોબારમાં નાણા લાગેલા છે તેમના તરફ પણ ધ્યાન અપાશે. જેટલીએ જમીન અને ઈમારતના સંબંધમાં મૂડી લાભના સંદર્ભમાં પણ કેટલીક જાહેરાત કરી છે. સસ્તા ઘરની સ્કીમમાં ફેરફાર કરવામાં આવ્યા છે. સસ્તા ઘર રિયલ એસ્ટેટ સેક્ટરને પ્રોત્સાહન આપી શકે છે. આવી સ્થિતિમાં આના ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે. નોટબંધીના લીધે રિયલ એસ્ટેટ સેક્ટરમાં હાલ મંદીનું મોજુ ફરી વળ્યું હતું. ભૂમિ અધિગ્રહણ વગર આંધ્રપ્રદેશની જમીનોના સંદર્ભમાં પણ કેટલીક જાહેરાતો કરવામાં આવી છે.

ટિકિટ સસ્તી થશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ધ્યાન આપશે જેમાં પેસેન્જરોની સુરક્ષા, મૂડી અને વિકાસના કામો, સ્વચ્છતા, નાણાંકીય અને જવાબદારીવાળા સુધારાનો સમાવેશ થાય છે. પેસેન્જરોની સુરક્ષા માટે રેલ સંરક્ષક કોસની રચના કરવામાં આવશે. ૧૦૦૦૦૦ કરોડના ફંડ સાથે આની રચના કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૨૦૨૦ સુધી બ્રોડગેજ લાઈનો ઉપર માનવ વગરના ક્રોસિંગને સંપૂર્ણપણે દૂર કરી દેવામાં આવશે. યાત્રિઓની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા અપાશે. આધુનિકીકરણ ઉપર ધ્યાન અપાશે. બ્રોડગેજ ઉપર માનવ વગરના રેલવે ક્રોસિંગને દૂર કરવાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ઓછામાં ઓછા ૨૫ સ્ટેશનોને સ્ટેશન રિડેવલપમેન્ટ માટે ૨૧૭-૧૮ માટે પસંદ કરવામાં આવી ચુક્યા છે. ૫૦૦ સ્ટેશનોને લિફ્ટ અને અન્ય સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. સરકારે જાહેરાત કરી હતી કે, ૨૦૧૭-૧૮માં ૩૫૦૦ કિલોમીટરની નવી રેલવે લાઈનો શરૂ થઈ જશ જે ૨૦૧૬-૧૭માં ૨૮૦૦ કિમી કરતા વધારે છે. ટુરિઝમ અને તીર્થને પ્રોત્સાહન આપવા માટે નવી ટ્રેનો શરૂ કરવામાં આવશે. સ્વચ્છ રેલવે ઉપર સરકારનું ધ્યાન રહેશે.

એઈમ્સ બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાવવાની યોજના ધરાવે છે. આના ભાગરુપે ૨૦૧૧-૧૩માં આ દરને ૧૬૭થી ઘટાડીને ૨૦૧૮-૨૦૨૦ વચ્ચેના ગાળામાં ૧૦૦ સુધી લાવવાની યોજના છે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, સરકારે દેશભરમાં ઘણી બધી હોસ્પિટલમાં ડીએનબી એટલે કે ડિપ્લોમેટ નેશનલ બોર્ડ કોર્સની શરૂઆત કરવાનો નિર્ણય કર્યો છે. આનાથી વિદ્યાર્થીઓને ફાયદો થશે. વરિષ્ઠ નાગરિકો માટે પણ મહત્વપૂર્ણ જાહેરાતો બજેટમાં કરવામાં આવી હતી. જેટલીએ કહ્યું હતું કે સરકાર દેશના તમામ નાગરિકો માટે એક આરોગ્ય કાર્ડ આપવાની યોજના ધરાવે છે. આ નવા આરોગ્ય કાર્ડ આધાર કાર્ડની જેમ જ બનાવવામાંઆવશે. જો કે, આ કાર્ડમાં પણ આધાર જેવી સુવિધા ઉમેરવામાં આવશે. આ આરોગ્ય કાર્ડમાં આરોગ્ય સંબંધિત વરિષ્ઠ નાગરિકની તમામ જાણકારી રહેશે. આ કાર્ડ મારફતે દેશના વરિષ્ઠ નાગરિકોના આરોગ્ય પર વધુ ધ્યાન આપી શકાશે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, વરિષ્ઠ નાગરિકો માટે અન્ય એક નવી એલઆઈસી યોજના લાવવામાં આવશે. આ યોજનામાં વરિષ્ઠ નાગરિકોને ૮ ટકા ચોક્કસ રિટર્ન આપવામાં આવશે.

સર્જીકલ સ્ટ્રાઈક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાતા નથી. અધિકારીઓએ કહ્યુ છે કે આ મામલાને જોખમીના સ્વીકૃત તરીકે ગણીને અલગ કરવામાં આવ્યા છે. જેથી આવા ખાતાની ચકાસણી કરવામાંઆવનાર છે. ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા આવી લેવડદેવડની ઓનલાઈન વેરિફિકેશન કરવામાં આવનાર છે. લોકોને ટેક્સ અધિકારીઓના હાથે કોઈ હેરાનગતિનો સામનો ન કરવો પડે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક પેન કાર્ડ ધારક ઈન્કમ ટેક્સ ઈ-ફાઈલિંગ પોર્ટલનો ઉપયોગ કરીને પોતાની લેવડદેવડ અંગે માહિતી આપી શકશે. હાલમાં એવા અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા હતા કે ઈન્કમ ટેક્સ વિભાગે આવી માહિતી ઓનલાઈન રાખવા માટેની નિતિ અપનાવી છે. રેવેન્યુ સેક્રેટરી હસમુખ અધિયાએ કહ્યુ છે કે ઓપરેસન ક્લીન મની એક પ્રોગ્રામ સોફ્ટવેર છે. જેનો ઉપયોગ તમામ ડિપોઝિટના સંબંધમાં જવાબ મેળવી લેવા માટે કરવામાં આવનાર છે.

આભાર વ્યક્ત કર્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રોજગાર અવસર ઉભા કરશે તેમ પણ જણાવ્યુંછે. તેમણે ઉમેર્યુંકે, ડેમોગ્રાફીક ડીવીડન્ડ જેવા યુવાધન માટે સ્કીલ ડેવલોપમેન્ટ અને જોબ ક્રિએશનની તકો આ બજેટ પુરી પાડી છે. વિજય રૂપાણીએ દેશના કિસાનોની આવક બમણી કરવાના લક્ષ્યની ગ્રામીણ અર્થતંત્રમાં નવું જોમ આવશે તેવો વિશ્વાસ દર્શાવ્યો છે. ગુજરાતને ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ સાયન્સ એઈમ્સની ફાળવણીની તેમજ સાબરમતી આશ્રમની શતાબ્દી ઉજવણીમાં કેન્દ્રીય સહાયની ઘોષણાને આવકારતા મુખ્યમંત્રીએ પ્રધાનમંત્રી અને કેન્દ્ર સરકારનો આભાર વ્યક્ત કર્યો છે. તેમણે ડિઝીટલ ઈકોનોમીને વેગ આપવા તથા આર્થિક સુધારણાઓને વ્યાપક બનાવવામાં આ બજેટ પરક બનશે તેમ પણ ઉમેર્યુંછે. દરમિયાન બજેટમાં ગુજરાતને મળેલી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એઈમ્સની જાહેરાતને ઉમલકાભેર આવકારતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું હતુ કે, ગુજરાતમાં એઈમ્સની જરૂર હતી. કોંગ્રેસે અન્ય રાજ્યોને વખતોવખત ફાળવણી કરેલી પણ ગુજરાતને બાકાત રાખેલું. ૧૦૦૦ પથારીની ની સગવડ ધરાવતી અને રીસર્ચ સેન્ટર ધરાવતી એઈણસ ગુજરાત માટે મંજુરી કરી તે માટે કેન્દ્ર સરકાર અને પીએમનો આભાર મોંઘવારી વધે નહીં, રોજગારીમાં વધારો, વધુ નોકરીની તકોની જનતાની અપેક્ષા ખેડૂતોને પણ ફાયદો થાય. સગવડ અને મદદ થાય તેવું બજેટ હોય એ જરૂરી છે. આજના બજેટમાં આ બધી જ સુવિધા મંજુર કરવામાં આવી છે. સહકારી માળકા દ્વારા ખેડૂતોને સત્તા દરે ૧૦ લાખ કરોડની લોન મળશે તેનો લાભ ગુજરાતમાં પણ મળશે. ખેડૂતો માટે સિંચાઈના પાણી માટેની વિવિધ યોજાને મદદ કરવા ભારત સરકારે જે રકમની ફાળવણી કરી છે તેમાં નર્મદા અનએ સૌની યોજના માટે આપણને પણ મોટા પ્રમાણમાં ગ્રાન્ટ મળશે જેનો ખેડૂતોને લાભ થશે. ગુજરાતમાં સહકારી સેવા મંડળી વગેરેનું કોમ્પ્યુટરાઈઝેશન માટે મદદ કરાશે તેનો મોટો ફાયદો થશે. ડ્રીપ ઈરિગેશન માઈક્રો ઈરિગેશની ૫ હજાર કરોડ રૂપિયાની જોગવાઈનો લાભ ખેડૂતોને રાજ્ય સરકાર તરફથી સબસિડી આપીએ છીએ તેમાં વધારાની કામગીરી આપણે કરી શકીશું.

અંદાજપત્રની હાઈલાઈટ્સ

કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલીએ આજે સામાન્ય બજેટ રજૂ કર્યુ હતુ. જેમાં જુદા જુદા ક્ષેત્રોને વધારે પ્રાથમિકતા આપવામાં આવી હતી. જેટલીના બજેટની હાઈલાઈટ્સ નીચે મુજબ છે.

- એક કરોડ રૂપિયાથી વધુની આવક પર ૧૫ ટકા સરચાર્જ લાગશે
- ૫૦ લાખથી એક કરોડ રૂપિયા સુધીની આવક પર ૧૦ ટકાના દરે સરચાર્જ લાગૂ થશે
- ત્રણ લાખ સુધીની આવક પર હવે કોઈ ટેક્સ લાગૂ થશે નહીં
- ધાર્મિક ડોનેશન ઉપર છુટછાટમાં ઘટાડો કરવામાં આવ્યો
- રાજકીય પક્ષો હવે ૨૦૦૦ રૂપિયા સુધી જ રોકડ ડોનેશન લઈ શકશે
- રાજકીય પાર્ટીઓ ચેક અથવા ડિજિટલ ડોનેશન લઈ શકશે
- ટ્રાન્ઝિક્શન મર્યાદા નક્કી કરવા માટે આઈટી એક્ટમાં સુધારો કરાશે
- ત્રણ લાખથી વધુની રોકડ લેવડદેવડની મંજુરી રહેશે નહીં
- બે કરોડ સુધી વેચાણ કરનાર દુકાનોની આવક આઠ ટકાના બદલે છ ટકા ગણાશે
- ૫૦ કરોડ સુધી ટર્નઓવર વાળી કંપનીઓને ટેક્સમાં પાંચ ટકાની છુટછાટ
- નાની કંપનીઓને ટેક્સમાં ૨૫ ટકાની છુટછાટ
- સ્ટાર્ટઅપ માટે કંપનીઓને સાત વર્ષ સુધી ટેક્સમાં છુટછાટ
- સસ્તા આવાસ અને રિયલ એસ્ટેટ પ્રોત્સાહન આપવા માટે યોજનામાં ફેરફાર
- નોટબંધીના કારણે લોકોને પોતાની આવક દર્શાવવાની ફરજ પડી છે
- નોટબંધી દરમિયાન ૧.૦૯ કરોડ ખાતામાં ૨.૮૦ લાખ કરોડ જમા થયા છે
- ૨.૭ લાખ કંપનીઓએ નુકસાનનો આંકડો દર્શાવ્યો છે
- ૧.૭૨ લાખ લોકો જ ૫૦ લાખથી વધારાની આવક દર્શાવે છે
- પોસ્ટઓફિસમાં પણ પાસપોર્ટ હેડઓફિસ હવે પાસપોર્ટ ઓફિસની જેમ જ કામ કરશે
- દર વર્ષે ૨૫૦૦ કરોડ રૂપિયા સુધી ડિજિટલ પેમેન્ટનું લક્ષ્ય
- જે લોકોની પાસે ડેબિટ ક્રેડિટ કાર્ડ નથી તેવા લોકો આધાર આધારિત પેમેન્ટ માટે સુવિધા અપાશે
- હજુ સુધી ૧૨૫ લાખ લોકોના મોબાઈલમાં ભીમ એપ છે
- નેશનલ હાઈવે માટે ૬૪૯૦૦ કરોડની ફાળવણી કરાઈ
- એલઆઈસીમાં વરિષ્ઠ નાગરિકોને આઠ ટકા વ્યાજદર મળશે
- મેટ્રો રેલ માટે નવી નીતિની જાહેરાત થશે
- શેરબજારમાં આઈઆરસીટીસી કંપની તરીકે લિસ્ટેડ થશે
- આઈઆરસીટીસી મારફતે ટ્રેન ટિકિટ બુકિંગ પર સર્વિસ ચાર્જ નહીં લાગે
- ઈન્ટરનેટ પર રેલવે બુકિંગ સસ્તી થશે
- ૨૦૧૯ સુધી તમામ ટ્રેનોમાં બાયો ટોયલેટની સુવિધા રહેશે
- પ્રવાસ અને તીર્થ માટે નવી ટ્રેન શરૂ કરાશે
- સ્વચ્છ રેલ માટે ક્લીન માય કોચ યોજના શરૂ થશે
- રાષ્ટ્રીય રેલવે સુરક્ષા માટે રાષ્ટ્રીય સુરક્ષા ફંડ બનાવાશે
- વરિષ્ઠ નાગરિકો માટે આધારકાર્ડ આધારિત યોજના રહેશે
- ૨૦૧૭ સુધી ઘણી બધી બિમારીઓને નાબૂદ કરાશે
- ૨૦૨૫ સુધી ટીબીની બિમારીને ખતમ કરાશે
- શ્રમ કાયદાઓને સરળ બનાવવામાં આવશે
- પાંચ સ્પેશિયલ ટુરિઝમ ઝોન બનાવવામાં આવશે
- ગર્ભવતી મહિલાઓને ૬૦૦૦ રૂપિયા અપાશે
- ૩૫૦ ઓનલાઈન કોર્સની શરૂઆત થશે
- ૨૦૧૯ સુધી બેઘરને એક કરોડ આવાસ આપવાની યોજના છે
- દિનદયાળ ગ્રામ જ્યોતિ યોજના માટે ૪૮૧૪ કરોડ ખર્ચ કરાશે
- ૨૦૨૨ સુધી સ્કીલ ઈન્ડિયા હેઠળ પાંચ લાખ લોકોને ટ્રેનિંગ અપાશે
- પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજનામાં ૨૭૦૦૦ કરોડ ખર્ચ કરાશે
- ગરીબ ગ્રામીણ પરિવારને ઓછામાં ઓછા ૧૦૦ દિવસની રોજગારી અપાશે
- નોર્થઈસ્ટના ખેડૂતોને લોનમાં પ્રાથમિકતા અપાશે
- દેશમાંથી ગરીબી નાબૂદ માટે નવા મિશન હાથ ધરાશે
- કૃષિ વિકાસદર ૪.૧ ટકા રહેશે
- ખેડૂતોની આવક પાંચ વર્ષમાં બે ગણી કરાશે
- ખરીફ અને રવિ પાકની વાવણીમાં વધારો થયો છે
- નોટબંધીથી ડિજિટલ ઈકોનોમીમાં તેજી આવી છે
- પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં ઘટાડો થશે
- નોટબંધીના લીધે મોટી માત્રામાં નાણા બેંકમાં જમા થયા છે
- નોટબંધી બાદ બેંકો લોકોને સસ્તી લોન આપી રહ્યા છે
- જંગી બહુમતિ સાથે ઉંચી અપેક્ષા વચ્ચે તક મળી છે જેથી પડકારો પણ વધારે છે
- શિક્ષણ ક્ષેત્રમાં એક લાખ ૩૦ હજાર કરોડની ફાળવણી
- સ્કીલ ઈન્ડિયા મિશન હેઠળ યુવાનો પર ધ્યાન અપાશે
- સીબીએસઈ નવી પરીક્ષા પદ્ધતિ નહીં લાવે. આઈઆઈટી જેવી પરીક્ષા અને નેટ માટે નવી બોડી રચાશે
- વિદેશમાં યુવાનોને રોજગારીની તક મળે તે માટે વિદેશી ભાષાની ટ્રેનિંગ અપાશે
- કૃષિ વિજ્ઞાન ક્ષેત્રમાં ૧૦૦ નવી લેબ બનાવાશે
- કોન્ટ્રાક્ટ ફાર્મિંગ માટે નવા મોડલ લોંચ કરાશે
- ગ્રામીણ વિસ્તારોમાં દરરોજ ૧૩૩ કિમી માર્ગ બનાવાશે
- રાષ્ટ્રીય પેયજળ યોજના હેઠળ ઝેરી તત્વોને દૂર કરવામાં આવશે
- સેનામાં ફરજ બજાવતા જવાનોને કેટલીક રાહતો આપવામાંઆવી છે જેના ભાગરુપે અલગથી રિઝર્વેશનની સુવિધા રહેશે
- રેલવે વોરંટને લઈને યાત્રા કરવાની જરૂર રહેશે નહીં
- ફરાર થયેલા અપરાધીઓની સંપત્તિ જપ્ત કરવા માટે નવા કાયદા લાગૂ કરાશે
- કેપિટલ ટેક્સની મર્યાદા ૩ વર્ષથી ઘટાડીને બે વર્ષ કરાઈ
- ઈન્કમ ટેક્સ સ્લેબમાં ફેરફાર કરવા માટેની જાહેરાત કરવામાં આવી
- ગુજરાત અને ઝારખંડમાં એમ્સ સ્થાપિત કરવાની જાહેરાત કરાઈ
- મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત હોસ્પિટલમાં ડીએનબીના કોર્સ શરૂ કરાશે
- મેડિકલ સાધનોના દેશમાં નિર્માણ માટે ખાસ સુવિધા આપવાનો હેતુ રહેલો છે
- સસ્તા ઘરની યોજનામાં મોટા ઘર રહેશે, બિલ્ડ અપ એરિયાને કારપેટ એરિયા તરીકે ગણવામાં
- ટેક્સ રેટને વધારે તર્કસંગત બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે
- નોટબંધીના કારણે લોકોને પોતાની આવકની જાહેરાત કરવાની ફરજ પડી છે
- આઠમી નવેમ્બરથી ૩૦મી નવેમ્બર વચ્ચે ૧.૦૯ કરોડ બેક ખાતામાં સરેરાશ પાચ લાખથી વધારે રકમ જમા કરવામાં આવી હતી
- સમગ્ર દેશમાં ૫૦ લાખ કરતા વધારે આવક દર્શાવનારની સંખ્યા માત્ર ૧.૭૨ લાખ છે
- વર્ષ ૨૦૧૫-૧૬માં ૩.૭ કરોડ વ્યક્તિ પૈકી ૯૯ લાખ લોકોએ ૨.૫ લાખની છુટ મર્યાદા કરતા ઓછી આવક દર્શાવી હતી
- ભારતમાં ટેક્સ મારફતે આવતી આવક ખુબ ઓછી છે
- મેડિકલ સીટ વધારી દેવા માટેની જાહેરાત કરવામાં આવી
- વિજ્ઞાનના શિક્ષણ પર ખાસ ભાર મુકવામાં આવનાર છે